સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK **02** (09/01/22 to 15/01/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

## ગુજરાતનો ઇતિહાસ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં સંભવિત તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઇતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઇતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**09 JAN-2022**

- દિવસ મહિમા : 9 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ ........ 02
- Student Start-up and Innovation Policy (SSIP) 2.0 : ગુજરાત ........ 03
- AIIB ના ઉપાધ્યક્ષ તરીકે શ્રી ઉર્જિત પટેલને નિયુક્ત કરવામાં આવ્યા ........ 05
- ભારત સરકારે ગ્રીન એનર્જી કોરિડોર બીજા તબક્કાને મંજૂરી આપી ........ 06
- એરટેલ પેમેન્ટ્સ બેંકને અનુસૂચિત બેંકો (Scheduled Bank)ની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો ........ 07
- QUESTION ANSWERS ........ 09

**10 JAN-2022**

- દિવસ મહિમા : 10 જાન્યુઆરી, વિશ્વ હિન્દી દિવસ, વિશ્વ હાસ્ય દિવસ ........ 11
- કરૂણા અભિયાન-2022 ........ 12
- 26મી ડિસેમ્બર 'વીર બાલ દિવસ' ઉજવવામાં આવશે ........ 12
- QUESTION ANSWERS ........ 13

**11 JAN-2022**

- ગંગા સાગર મેળો (Gangasagar Mela) ........ 14
- RBIએ ફિન-ટેક વિભાગની સ્થાપના કરી ........ 14
- India Skills 2021 ........ 15
- QUESTION ANSWERS ........ 16

**12 JAN-2022**

- દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન ........ 17
- શ્રી ભરત સુબ્રમણ્યમ ભારતના 73મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા ........ 17
- સૂવરનું હૃદય પ્રથમ વખત મનુષ્યમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું ........ 18
- સી ડ્રેગન 22 અભ્યાસ (Exercise Sea Dragon 22) ........ 18
- ટાટા ગ્રુપ IPLનું ટાઈટલ સ્પોન્સર બન્યું ........ 19
- QUESTION ANSWERS ........ 20

**13 JAN-2022**

- Henley Passport Index 2022માં ભારત 83મા ક્રમે ........ 21
- IMFના નવા મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે શ્રી પિયરે-ઓલિવિય ગૌરીંચાસની નિમણૂક ........ 22
- બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ ........ 22
- QUESTION ANSWERS ........ 24

**14 JAN-2022**

- દિવસ મહિમા : 14 જાન્યુઆરી, સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ ........ 25
- ઈસરોના નવા અધ્યક્ષ : ડો. એસ. સોમનાથ ........ 25
- DRDO એ MPATGMનું પરીક્ષણ કર્યું ........ 26
- QUESTION ANSWERS ........ 27

**15 JAN-2022**

- દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day) ........ 28
- ફિલિપાઈન્સ ભારત પાસેથી ખરીદશે બ્રહ્મોસ મિસાઈલ ........ 28
- વિશ્વનો સૌથી મોટો ખાદી રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરવામાં આવ્યો ........ 29
- PANEX - 2021 ........ 29
- QUESTION ANSWERS ........ 30

**ONE LINER** ........ 31

**QUESTION OF THIS WEEK** ........ 35


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 9 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ



9 જાન્યુઆરી, 1915ના રોજ શ્રી મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતના મુંબઈ ખાતે પરત આવ્યા હતા.

- આથી, તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણીનો પ્રારંભ વર્ષ **2003**થી થયો હતો.
- આ દિવસ દ્વારા વિદેશમાં વસતા ભારતીયોને તેમના મૂળ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

નોંધ : (1) ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે.

(2) શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણના આધારે 8 જાન્યુઆરી, 2002ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી શ્રી અટલ બિહારી વાજપેઈએ 9 જાન્યુઆરીના રોજ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

(3) આ અંતર્ગત ભારતમાં વર્ષ 2003થી દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ આ દિવસ ઉજવાય છે.

(4) શ્રી મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કરીને કરોડો ભારતીયોનું હંમેશને માટે જીવન પરિવર્તન કરી નાખ્યું હતું. આથી, શ્રી મહાત્મા ગાંધીજીને 'સૌથી મહાન પ્રવાસી' માનવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Student Start-up and Innovation Policy (SSIP) 2.0 : ગુજરાત




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં અમદાવાદના સાયન્સ સિટી ખાતે આયોજીત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂસન્સ (ICAI-2022)ના ઉદ્ઘાટન પ્રસંગે 'સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) 2.0' લોન્ચ કરી હતી.

- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2017થી પાંચ વર્ષ માટે અમલમાં મુકવામાં આવી હતી.
- આ પોલિસીનો સમયગાળો તા. 10-1-2022ના રોજ પૂર્ણ થયો હતો.
- આથી, હવે આ નવી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)ને વધુ પાંચ વર્ષ માટે એટલે કે જાન્યુઆરી 2022થી માર્ચ 2027 સુધી અમલમાં મુકવામાં આવી છે.

## SSIP 2.0 ના મુખ્ય લક્ષ્યો

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP 2.0)ના મુખ્ય લક્ષ્યો નીચે મુજબ છે :

- રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઈનોવેશન અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરાશે.
- રાજ્યની ઓછામાં ઓછી 1000 ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs) અને 10,000 શાળાઓને આવરી લેતા 50 લાખ વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિક્તા માટે જાગૃત કરવા.
- વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત 10,000 પ્રૂફ–ઓફ–કન્સેપ્ટ્સ (PoCs/પ્રોટોટાઈપ)ને સહાય
- વિદ્યાર્થીઓને 5000 IP ફાઈલિંગ માટે સહાય.
- રાજ્યમાં ઓછામાં ઓછી 500 શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને આવરી લઈને લાભાર્થીઓ માટે એક મજબૂત પ્રિ–ઈન્ક્યુબેશન સપોર્ટ સિસ્ટમનું નિર્માણ.
- 1500 વિદ્યાર્થી સ્ટાર્ટ–અપ્સ અને હાલના સ્ટાર્ટ–અપ્સને અપસ્કેલ કરવા.
- i-Hub પર 500 સ્ટાર્ટ–અપ (ભૌતિક અને વર્ચ્યુઅલ) ઈન્ક્યુબેટ કરવા.
- i-Hub ખાતે સ્ટાર્ટ–અપ સૃજન સીડ સપોર્ટ હેઠળ 500 સ્ટાર્ટ–અપને સહાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રોત્સાહનો

લક્ષ્ય હાંસલ કરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા આપનારા પ્રોત્સાહનો નીચે મુજબ દર્શાવ્યા છે :

- રાજ્યની યુનિવર્સિટીઓ ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરવા અને ઈનોવેશન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગામી પાંચ વર્ષમાં મહત્તમ રૂ. 5 કરોડ સુધીનો લાભ મેળવી શકે છે.
- રાજ્યની સંસ્થાઓ ઈનોવેશન અને સ્ટાર્ટ–અપ પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે આગામી પાંચ વર્ષમાં રૂ. 2 કરોડ સુધીનો લાભ મેળવી શકે છે.
- ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સ માટે IP ફાઈલિંગ સપોર્ટ (સ્થાનિક માટે રૂ. 75,000 સુધી અને અન્ય દેશોમાં ફાઈલ કરવા માટે રૂ. 1.5 લાખ સુધી).
- સ્ટાર્ટ અપ / ઈનોવેશન માટે મહત્તમ રૂ. 10 લાખ રૂપિયા સુધીના સ્ટાર્ટઅપ્સને સીડ ગ્રાન્ટ.
- યુનિવર્સિટીઓ / સંસ્થાઓ / ઈન્ક્યુબેટરને જાગૃતિ કાર્યક્રમો / બુટકેમ્પ / સેમિનાર / કોન્ફરન્સ હોસ્ટ કરવા માટે નાણાકીય સહાય.
- ઓપન ઈનોવેશન ચેલેન્જ પ્રોગ્રામ દ્વારા ઈનોવેટર્સ, વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટઅપ્સને રૂ. 2.5 લાખ સુધીનો સપોર્ટ.

## SSIPની ઉપલબ્ધિઓ

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP)ની ઉપલબ્ધિઓ નીચે મુજબ છે :

- છેલ્લા બે વર્ષમાં સમગ્ર દેશમાં સ્ટાર્ટઅપ પર્ફોમન્સ રેન્કિંગમાં ગુજરાત નંબર-1 પર છે.
- રાજ્યની 186 સંસ્થાઓ/યુનિવર્સિટીઓનો SSIP ગ્રાન્ટી સંસ્થા તરીકે સમાવેશ કરેલ છે.
- આજ સુધીમાં વિદ્યાર્થીઓ દ્વારા 1122 જેટલી પેટન્ટ ફાઈલ કરવામાં આવી છે.
- વિદ્યાર્થીઓના 6276 જેટલા પ્રૂફ ઓફ કોન્સેપ્ટ પ્રોજેક્ટ (PoCs/પ્રોટોટાઈપ)નું નિર્માણ થયેલ છે.
- છેલ્લા 5 વર્ષમાં 10 લાખથી વધુ વિદ્યાર્થીઓને સમગ્ર રાજ્યમાં ઈનોવેશન પ્રક્રિયા અને સ્ટાર્ટ–અપ વિશે મૂળભૂત જાગરૂકતા માટેની માહિતી આપવામાં આવેલ છે.
- રાજ્યભરમાં SSIP અંતર્ગત 5593 જેટલા અવરનેસ પ્રોગ્રામ કરવામાં આવ્યા છે.

**નોંધ :** (1) SSIP એ સમગ્ર દેશમાં એકમાત્ર પોલિસી છે જેનો ઉદ્દેશ્ય મોટા પાયે વિદ્યાર્થી ઈનોવેટર્સ અને સ્ટાર્ટઅપ્સને પોષણ આપવા અને સમર્થન આપવાનો છે.

(2) ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન્સ (ICAI-2022)માં શિક્ષણ ક્ષેત્રના મહત્ત્વના 32 MoU થયા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# AIIB ના ઉપાધ્યક્ષ તરીકે શ્રી ઉર્જિત પટેલને નિયુક્ત કરવામાં આવ્યા



તાજેતરમાં RBIના ભૂતપૂર્વ ગવર્નર શ્રી ઉર્જિત પટેલને બેઈજિંગ સ્થિત 'એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક' (AIIB)ના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- નોંધનીય છે કે ઓક્ટોબર 2021માં કેન્દ્રીય નાણામંત્રીએ AIIBના બોર્ડ ઓફ ગવર્નર્સની છઠ્ઠી બેઠકમાં ભાગ લીધો હતો.

## AIIB વિશે

એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB)એ બહુપક્ષીય વિકાસ બેંક છે.

- જેનો ઉદ્દેશ એશિયામાં સામાજિક–આર્થિક પરિણામોને સુધારવાનો છે.
- આ ઉપરાંત તેનો હેતુ લોકો, સેવાઓ અને બજારોને જોડવાનો છે જે સમય જતા અબજો લોકોના જીવનને પ્રભાવિત કરશે અને ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય ઉત્પાદક ક્ષેત્રોમાં રોકાણ કરીને વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરશે.
- તેની સ્થાપના AIIB આર્ટિકલ્સ ઓફ એગ્રીમેન્ટ (25 ડિસેમ્બર, 2015થી અમલમાં) નામના બહુપક્ષીય કરાર દ્વારા કરવામાં આવી છે.
- કરારના પક્ષકારો (57 સ્થાપક સભ્યો) માટે બેંકનું સભ્યપદ ફરજિયાત છે.
- AIIBનું મુખ્યમથક બેઈજિંગમાં સ્થિત છે.
- AIIBની કામગીરી જાન્યુઆરી 2016માં શરૂ થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ઉર્જિત પટેલ

શ્રી ઉર્જિત પટેલનો જન્મ 28 ઓક્ટોબર, 1963ના રોજ કેન્યામાં થયો હતો.

- તેમનો પરિવાર 20મી સદીમાં ગુજરાતના ખેડા જિલ્લાના મહુધા ગામમાંથી કેન્યા સ્થાયી થયો હતો.
- વર્ષ 1990માં તેઓ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)માં જોડાયા હતા.
- વર્ષ 2000 અને 2004ની વચ્ચે તેમણે ઘણી ઉચ્ચ સ્તરીય સમિતિઓ સાથે કામ કર્યુ હતું.
- તેમાં પ્રત્યક્ષ કર પર ટાસ્ક ફોર્સ, ટેલિકોમ બાબતો પર મંત્રીઓનું જૂથ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર PM ટાસ્ક ફોર્સ, રાજ્ય વીજળી બોર્ડ પર નિષ્ણાંત જૂથ વગેરેનો સમાવેશ થાય છે.
- વર્ષ 2013માં તેઓ RBIના ડેપ્યુટી ગવર્નર બન્યા હતા.
- વર્ષ 2016માં તેઓ RBIના ગવર્નર બન્યા હતા.

- તેમણે RBIના 24મા ગવર્નર તરીકે વર્ષ 2016થી 2018 સુધી સેવા આપી હતી.

નોંધ : (1) AIIBએ બેન્કના અન્ય સભ્ય કરતા ભારતને વધુ લોન મંજૂર કરી છે.

(2) ચીન તેનો સૌથી મોટો અને ભારત બીજા નંબરનો સૌથી મોટો શેરધારક છે.

## ભારત સરકારે ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-2ને મંજૂરી આપી

6 જાન્યુઆરી, 2022ના રોજ ભારત સરકારે ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-2ને મંજૂરી આપી છે.

- આ તબક્કા માટે અંદાજિત ખર્ચ રૂ. 12,031 કરોડ છે.
- આ તબક્કા હેઠળ 10,750 કિમી. ટ્રાન્સમિશન લાઈનો બાંધવામાં આવશે અને 27,500 MVA સબસ્ટેશનો જોડવામાં આવશે. MVA એટલે કે મેગાવોટ એમ્પિયર.
- આ પ્રોજેક્ટ ગુજરાત સહિત સાત રાજ્યોમાં લાગુ કરવામાં આવશે.
- આ સાત રાજ્યોમાં ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, રાજસ્થાન, કેરળ, કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને ગુજરાત છે.

### પ્રોજેક્ટ વિશે

ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-2 2021-22 અને 2025-26 વચ્ચે લાગુ કરવામાં આવશે.

- પ્રોજેક્ટ ખર્ચના 33% કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે. એટલે કે રૂ. 3970 કરોડ.
- કેન્દ્ર સરકારની સહાયથી ઈન્ટ્રા–સ્ટેટ ટ્રાન્સમિશનમાં ઘટાડો થશે અને આખરે સપ્લાય કરવામાં આવતી વીજળીની કિંમતમાં ઘટાડો થશે.
- તેનાથી ભારતને 2030 સુધીમાં 450 ગીગાવોટ રિન્યુએબલ એનર્જીના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ થશે.
- આ ઉપરાંત તેનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે.
- આ પ્રોજેક્ટ દેશની ઉર્જા સુરક્ષાને વેગ આપશે.

નોંધ : (1) ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-1 તમિલનાડુ, આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં અમલ કરવામાં આવી રહ્યો છે.

(2) ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-1નો ઉદ્દેશ્ય 24 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી જનરેટ કરવાનો છે. તે 2022 સુધીમાં પૂર્ણ થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્રીન એનર્જી કોરિડોર શું છે ?

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ સૌર, પવન અને અન્ય નવીનીકરણીય સ્ત્રોતોમાંથી ઉત્પાદિત વીજળીને પરંપરાગત ગ્રીડ સાથે સુમેળ કરવાનો છે.

- 2015-16માં ઈન્ટ્રા સ્ટેટ ટ્રાન્સમિશન સિસ્ટમ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. તે રાજ્યની અંદર વીજળીનું વહન કરે છે.
- પ્રોજેક્ટમાં સબસ્ટેશન, ટ્રાન્સમિશન લાઈન અને અન્ય તમામ સંલગ્ન સાધનોનો સમાવેશ થાય છે.

# એરટેલ પેમેન્ટ્સ બેંકને અનુસૂચિત બેંકો (Scheduled Bank)ની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં એરટેલ પેમેન્ટ્સ બેંક (Airtel Payments Bank)ને RBI એક્ટ, 1934ની બીજી અનુસૂચિમાં સમાવેશ કર્યો છે.

- **HDFC**, **ICICI** અને **SBI**ને **D-SIB** તરીકે જાળવી રાખવામાં આવ્યા છે.
- D-SIB એટલે ડોમેસ્ટિક 'સિસ્ટેમેટિકલી ઈમ્પોર્ટન્ટ બેંકસ'

## D-SIB માટે માપદંડ

બેંક CET 1ની શ્રેણીની હોવી જોઈએ. CET 1નો અર્થ Common Equity Tier 1 છે.

- નાણાકીય કટોકટીથી સ્વ-બચાવ માટે આ એક સાવચેતીનું પગલું છે.
- તે બેસલ IIIના ધોરણો હેઠળ આવે છે.
- બેસલ IIIના ધોરણો આંતરરાષ્ટ્રીય નિયમો છે. દેખરેખ અને નિયમનમાં સુધારો કરવા માટે તેની રજૂઆત કરવામાં આવી હતી.
- તે Tier-I અને Tier-IIમાં વહેંચાયેલું છે.
- Tier-I CET1 અને AT1માં વિભાજિત થયેલ છે. AT1 એ વધારાનું સ્તર છે.
- બેંકની કામગીરીનું મૂલ્યાંકન તેના વળતરના આધારે કરવામાં આવે છે.
- CET 1 એ બેંકની મૂડી અને સંપત્તિ વચ્ચેનો ગુણોત્તર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## D-SIB યાદીમાં બેંકો

RBIએ **2015-16**માં **ICICI** અને **SBI**ને **D-SIB** તરીકે રાખ્યા હતા.

- **HDFC**ને **2017**માં આ યાદીમાં મૂકવામાં આવ્યું હતું.

## RBI ની બીજી અનુસૂચિ

RBI એક્ટ, 1934માં ચાર અનુસૂચિ છે.

- RBIની બીજી અનુસૂચિમાં પ્રવેશવા માટે બેંકે નીચેની શરતો પૂરી કરવી પડશે :

(1) DTL એક વર્ષ માટે સતત **750 કરોડ**થી ઓછું ન હોવું જોઈએ.

(2) CRAR ઓછામાં ઓછો **12%** હોવો જોઈએ.

(3) **SLR અને CRR**નું પાલન કરવું આવશ્યક છે.

(4) ગ્રીસ **NPA 5%** કરતા ઓછી હોવી જોઈએ.

નોંધ : (1) DTLનું પૂરું નામ **'Demand and Time Liabilities'** છે. જે થાપણો દ્વારા એકત્રિત કરવામાં આવેલી રકમ છે.

(2) CRARનું પૂરું નામ **'Capital to Risk weighted Assets Ratio'** છે. તેનો ઉપયોગ થાપણદારોના રક્ષણ માટે થાય છે.

(3) NPRનું પૂરું નામ **'Non Performing Assets'** છે.

(4) SLRનું પૂરું નામ **'Statutory Liquidity Ratio'** છે.

(5) CRRનું પૂરું નામ **'Cash Reserve Ratio'** છે.



1. ભારતમાં કયો દિવસ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી (C)

2. શ્રી મહાત્મા ગાંધીજી આફ્રિકાથી કયારે ભારત પરત ફર્યા હતા કે જેની યાદમાં ભારતમાં દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 જાન્યુઆરી, 1914 (B) 8 જાન્યુઆરી, 1915
(C) 9 જાન્યુઆરી, 1917 (D) 10 જાન્યુઆરી, 1916 (B)

3. ગુજરાત રાજ્યની 'સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી 2.0' (SSIP 2.0) કયા સમયગાળા માટે અમલમાં મુકવામાં આવી છે ?

(A) જાન્યુઆરી 2022 થી માર્ચ 2027 (B) જાન્યુઆરી 2022 થી માર્ચ 2028
(C) જાન્યુઆરી 2022 થી માર્ચ 2029 (D) જાન્યુઆરી 2022 થી માર્ચ 2030 (A)

4. 'સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ............... વર્ષથી પાંચ વર્ષ માટે અમલમાં મુકવામાં આવી હતી. જેનો સમયગાળો તાજેતરમાં પૂરો થયો હતો.

(A) 2017 (B) 2015 (C) 2014 (D) 2012 (A)

5. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અને શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા 'સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી 2.0' (SSIP 2.0) લોન્ચ કરવામાં આવી હતી. આ SSIP 2.0ના મુખ્ય લક્ષ્યો સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં કાર્યાત્મક ઈનોવેશન અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના કરાશે.
2. વિદ્યાર્થીઓ દ્વારા વિકસિત 10,000 પ્રૂફ – ઓફ – કન્સેપ્ટ્સને સહાય કરાશે.
3. વિદ્યાર્થીઓને 5000 IP ફાઈલિંગ માટે સહાય
4. i-Hub પર 500 સ્ટાર્ટ–અપ ઈન્ક્યુબેટ કરવા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6.** **તાજેતરમાં AIIB (એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક)ના ઉપાધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?**

(A) શ્રી રઘુરામ રાજન (B) શ્રી ઉર્જિત પટેલ

(C) શ્રી આર. એન. મલ્હોત્રા (D) શ્રી વાય. વી. રેડ્ડી **(B)**

**7.** **AIIB (એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક)નું વડુંમથક કયાં આવેલું છે ?**

(A) ન્યુયોર્ક (B) બેઈજિંગ (C) સિડની (D) પેરિસ **(B)**

**8.** **તાજેતરમાં ભારત સરકારે 'ગ્રીન એનર્જી કોરિડોર'ના કેટલામાં ફેઝ અથવા તબક્કાને મંજૂરી આપી છે ?**

(A) પ્રથમ (B) બીજા (C) ચોથા (D) પાંચમા **(B)**

**9.** **તાજેતરમાં ભારત સરકારે 'ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-2' ને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ ગુજરાત સહિત કેટલા રાજ્યમાં લાગું કરવામાં આવશે ?**

(A) પાંચ (B) છ (C) સાત (D) નવ **(C)**

**10.** **RBI એ તાજેતરમાં કઈ બેંકને RBI એક્ટ, 1934ની બીજી અનુસૂચિમાં સમાવેશ કર્યો છે ?**

(A) Airtel Payments Bank

(B) Phone Pay and Paytm Payments Bank

(C) Yahoo Payment Bank

(D) Vi Payments Bank **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 જાન્યુઆરી, (1) વિશ્વ હિન્દી દિવસ
## (2) વિશ્વ હાસ્ય દિવસ

### વિશ્વ હિન્દી દિવસ

10 જાન્યુઆરીના રોજ 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવાનો તથા એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી ભાષાને પ્રસ્તુત કરવાનો છે.

### 10 જાન્યુઆરીના રોજ શા માટે 'વિશ્વ હિન્દી દિવસ' ઉજવાય છે ?

10 જાન્યુઆરી, 1975ના રોજ ભારતમાં નાગપુર ખાતે પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન થયું હતું.

- આથી, આ પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનની યાદમાં ભારત સરકાર દ્વારા વર્ષ 2006 થી 10 જાન્યુઆરીને 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

### 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ' વચ્ચે શું ફરક છે ?

ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- જ્યારે 10 જાન્યુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આથી, આ દિવસની યાદમાં 14 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'હિન્દી દિવસ' ઉજવાય છે.
- 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ'માં મુખ્ય તફાવત એ છે કે 'હિન્દી દિવસ'ની ઉજવણી ભારતમાં રાષ્ટ્રીય સ્તરે થાય છે. જ્યારે 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવા માટે થાય છે.

નોંધ : (1) રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.

(2) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

(3) ભારતીય બંધારણના ભાગ 17ના અનુચ્છેદ 341(1) અનુસાર સંઘની રાજભાષા 'હિન્દી' અને લિપી 'દેવનાગરી' હશે.

(4) જોકે ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કરૂણા અભિયાન-2022




ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ થયેલા નિર્દોષ પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકાર દ્વારા 'કરૂણા અભિયાન 2022'નું આયોજન કર્યુ હતું.

- આ અંતર્ગત 10 થી 20 જાન્યુઆરી 2022 દરમિયાન સમગ્ર રાજ્યમાં આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.
- જેમાં ઘાયલ પક્ષીઓ માટે કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવ્યો હતો.
- 'જીવો, જીવવાદો અને જીવાડો'ની જીવદયા ભાવના સાથે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં વન વિભાગે આ વર્ષ ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થતા પક્ષીઓની ત્વરિત સારવાર વ્યવસ્થા માટે વોટસએપ નંબર તથા વેબસાઈટ પણ કાર્યરત કરી હતી.
- કરૂણા અભિયાન અથવા કરુણા એનિમલ એમ્બ્યુલન્સનો હેલ્પાલઈન નંબર 1962 છે.

## 26મી ડિસેમ્બર 'વીર બાલ દિવસ' ઉજવવામાં આવશે

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે 26 ડિસેમ્બરને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવશે.

- આ દિવસ સાહિબજાદાઓ એટલે કે ગુરુ ગોવિંદ સિંહના ચાર પુત્રોને શ્રદ્ધાંજલી આપવા માટે ઉજવવામાં આવશે.

### શા માટે 26 ડિસેમ્બર ?

સાહિબજાદા ફતેહ સિંહ અને સાહિબજાદા જોરાવર સિંહ આ દિવસે શહીદ થયા હતા.

- તેમણે અન્યાયી માર્ગને અનુસરવાને બદલે મૃત્યુને પસંદ કર્યુ હતું.
- ચાર સાહિબજાદે ક્યારેય અન્યાય સામે ઝૂક્યા નથી.
- તેઓ એક સૂમેળભર્યુ વિશ્વ બનાવવા માંગતા હતા.

### સાહિબજાદે

પંજાબી ભાષામાં શાહિબજાદે એટલે પુત્ર.

- આ શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે શીખ ગુરુ ગોવિંદ સિંહના ચાર પુત્રોના સંદર્ભમાં થાય છે.
- ગુરુ ગોવિંદ સિંહ શિખ ધર્મના દસમાં ગુરુ હતા. તેમની જન્મજયંતિ દર વર્ષે 9 જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે.
- તેમને ચાર પુત્રો/સાહિબજાદા બાબા અજીતસિંહ, જુઝાર સિંહ, જોરાવર સિંહ અને ફતેહ સિંહ હતા.
- શાહિબજાદા જોરાવર સિંહ અને શાહિબજાદા ફતેહસિંહ શીખ ધર્મના સૌથી આદરણીય શહીદોમાંના એક છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ હાસ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી

(C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી (C)

2. ભારતમાં 'હિન્દી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 જાન્યુઆરી (B) 9 સપ્ટેમ્બર

(C) 10 જાન્યુઆરી (D) 14 સપ્ટેમ્બર (D)

3. 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી

(C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી (C)

4. ભારતમાં પ્રથમ 'વિશ્વ હિન્દી સંમેલન'નું આયોજન કયાં થયું હતું ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ

(C) પૂણે (D) નાગપુર (D)

5. ગુજરાતમાં ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ પક્ષીઓની સારવાર માટે 10 થી 20 જાન્યુઆરી 2022 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા કયું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?

(A) બર્ડ અભિયાન (B) કાઈટ અભિયાન

(C) સેવ બર્ડ અભિયાન (D) કરુણા અભિયાન (D)

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલી જાહેરાત અનુસાર કયા દિવસને 'વીર બાળ દિવસ' તરીકે ઉજવવામાં આવશે ?

(A) 22 ડિસેમ્બર (B) 26 ડિસેમ્બર

(C) 30 ડિસેમ્બર (D) 8 જાન્યુઆરી (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગંગા સાગર મેળો (Gangasagar Mela)

ગંગા સાગર મેળો 10 જાન્યુઆરી, 2022ના રોજ શરૂ થયો હતો અને 16 જાન્યુઆરી, 2022 સુધી ચાલ્યો હતો.

- ગંગા સાગર મેળો પશ્ચિમ બંગાળના ગંગા સાગર ટાપુ પર થાય છે.
- આ મેળો દર વર્ષે મકરસંક્રાતિના પર્વ દરમિયાન યોજવામાં આવે છે.
- આ મેળાનું આયોજન કલકતા હાઈકોર્ટની મંજૂરી બાદ કરવામાં આવ્યું હતું.
- મકરસંક્રાતિના અવસરે હજારો યાત્રાળુઓ, સંતો અને પ્રવાસીઓ ગંગા અને બંગાળની ખાડીના પવિત્ર સંગમમાં ડૂબકી લગાવે છે અને કપિલ મુનિ મંદિરમાં પ્રાર્થના કરે છે.

## RBIએ ફિન-ટેક વિભાગની સ્થાપના કરી

ભારતીય રિઝર્વ બેંક (RBI)એ ભારતમાં ગતિશીલ રીતે બદલાતા નાણાકીય લેન્ડસ્કેપ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આંતરિક 'ફિન–ટેક વિભાગ' (Fin-Tech Department)ની સ્થાપના કરી છે.

- RBIના પરિપત્ર મુજબ 'ફિન–ટેક વિભાગ'ની સ્થાપના 4 જાન્યુઆરી, 2022ના રોજ કરવામાં આવી હતી.
- આ વિભાગની સ્થાપના કરવાનો નિર્ણય ગતિશીલ રીતે બદલાતા લેન્ડસ્કેપ સાથે તાલમેલ રાખીને ફિનટેક ક્ષેત્રમાં ક્ષેત્ર અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લેવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઉદ્દેશય

ફિન–ટેક વિભાગની રચના નીચેના હેતુઓ માટે કરવામાં આવી છે :

(1) ફિનટેક ઈનોવેશન પર ધ્યાન કેન્દ્રિત કરવા

(2) નિયમો માટે

(3) ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવું.

(4) આ ક્ષેત્ર સાથે સંકળાયેલા પડકારો અને તકોને ઓળખવા તેમજ આવા પડકારોનો સામનો કરવા.

### સંશોધન માટેનું માળખું

ફિન–ટેક વિભાગ આ વિષય પર વધુ સંશોધન કરવા માટે એક માળખુ પણ પ્રદાન કરશે જે બેંક દ્વારા નીતિગત હસ્તક્ષેપમાં મદદ કરી શકે છે.

- જેમ કે, વિભાગ ફિનટેક ક્ષેત્રમાં સર્જનાત્મક નવીનતાઓ અને ઈન્ક્યુબેશનની સુવિધાને લગતી તમામ બાબતો સાથે વ્યવહાર કરશે.
- જે નાણાકીય ક્ષેત્ર અથવા બજારો માટે વ્યાપક અસરો ધરાવે છે અને બેંકના કાર્ય ક્ષેત્ર હેઠળ આવે છે.
- તે ફિનટેક પર આંતર–નિયમનકારી સંકલન અને આંતરિક સંકલન સંબંધિત બાબતો સાથે પણ કામ કરશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## India Skills 2021

નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા 'ઈન્ડિયા સ્કીલ્સ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- તે કૌશલ્યના ઉચ્ચતમ ધોરણોને પ્રદર્શિત કરવા માટે રચાયેલ છે અને યુવાનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની પ્રતિભા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- ઈન્ડિયા સ્કીલ્સ સ્પર્ધા રાજ્ય સરકારો અને ઉદ્યોગોના સહયોગથી દર બે વર્ષે યોજવામાં આવે છે.
- 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UTS) એ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને વર્ષ 2021માં 54 કૌશલ્યોમાં તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું.
- જેમાં સાત નવા કૌશલ્યનો સમાવેશ થાય છે.
- કૌશલ્ય ક્ષેત્રમાં સૌંદર્ય ચિકિત્સા, સાયબર સુરક્ષા, ફ્લોરિસ્ટિક્સ રોબોટિક સિસ્ટમ્સ એકીકીરણ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, વોટર ટેકનોલોજી, પેઈન્ટિંગ અને ડેકોરેશન, આરોગ્ય અને સામાજિક સંભાળનો વગેરેનો સમાવેશ થાય છે.

### નોડલ એજન્સી

નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC), કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય (MSDE)ના માર્ગદર્શન હેઠળ કામ કરે છે.

- NSDC 2011થી વિશ્વ કૌશલ્ય (World Skills) આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતની સહભાગિતાનું નેતૃત્વ કરી રહ્યું છે.

### રાજ્ય કામગીરી

ઓડિશા ચાર્ટમાં પ્રથમ છે, ત્યારબાદ મહારાષ્ટ્ર અને કેરળ છે.

- નોંધનીય છે કે India Skills 2021ના વિજેતાઓને ઓક્ટોબર 2022માં ચીનમાં શાંઘાઈમાં યોજાનારી વર્લ્ડ સ્કિલ ઈન્ટરનેશનલ સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે.

નોંધ : (1) ઈન્ડિયા સ્કીલ સ્પર્ધા (અથવા ભારત કૌશલ્ય સ્પર્ધા) પ્રગતિ મેદાન, મુંબઈ, બેંગલુરુ અને અન્ય ઘણી જગ્યાએ યોજવામાં આવી છે. તેની શરૂઆત નવી દિલ્હીના તાલકટોરા ઈન્ડોર સ્ટેડિયમથી થઈ હતી.

(2) વિશ્વ કૌશલ્ય સ્પર્ધાને 'કૌશલ્યની ઓલિમ્પિક્સ' કહેવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ ગંગા સાગર મેળો કયા રાજ્યમાં યોજાયો હતો ?

(A) પશ્ચિમ બંગાળ (B) ઓડિશા

(C) તમિલનાડુ (D) અરૂણાચલ પ્રદેશ (A)

2. ભારતીય રિઝર્વ બેંક (RBI)એ ભારતમાં ગતિશીલ રીતે બદલતા નાણાકીય લેન્ડસ્કેપ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ..................વિભાગની સ્થાપના કરી છે.

(A) M-Tech (B) Fin-Tech (C) Win-Tech (D) Tec-Tech (B)

3. RBIએ ફિન–ટેક વિભાગની રચના નીચેના પૈકી કયા હેતુ માટે કરી છે ?

(A) ફિનટેક ઈનોવેશન પર ધ્યાન કેન્દ્રિત કરવા (B) નિયમો માટે

(C) ક્ષેત્રમાં નવીનતાને પ્રોત્સાહન આપવા (D) ઉપરોક્ત તમામ (D)

4. India Skills 2021 સ્પર્ધા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

2. ઈન્ડિયા સ્કીલ્સ સ્પર્ધા રાજ્ય સરકારો અને ઉદ્યોગોના સહયોગથી દર બે વર્ષે યોજવામાં આવે છે.

3. આ સ્પર્ધાના ચાર્ટમાં રાજસ્થાન પ્રથમ ક્રમે છે ત્યારબાદ મહારાષ્ટ્ર અને ઓડિશા આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન



ભારતમાં સ્વામી વિવેકાનંદનો જન્મ દિન 12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં 1984થી તેની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- સ્વામી વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, 1863ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે થયો હતો.
- અને તેમનું નિધન 4 જુલાઈ, 1902ના રોજ પશ્ચિમ બંગાળના બેલુર મઠમાં થયું હતું.
- સ્વામી વિવેકાનંદનું તેજમય જીવન અને શાશ્વત, વાસ્તવિક દર્શન આજે પણ ભારતના યુવાનો માટે પ્રેરણાનો ખૂબજ મોટો સ્ત્રોત છે.
- રાષ્ટ્રીય યુવા દિવસ 2022ની થીમ 'It's all in the mind' છે.

નોંધ : (1) વિશ્વના અનેક દેશોમાં અલગ–અલગ દિવસે યુવા દિનની ઉજવણી કરવામાં આવે છે.

(2) આ અંતર્ગત ભારતમાં 12 જાન્યુઆરીના રોજ 'યુવા દિન' અથવા તો 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ભરત સુબ્રમણ્યમ ભારતના 73મા ચેસ ગ્રાન્ડમાસ્ટર



9 જાન્યુઆરી, 2022ના રોજ 14 વર્ષીય શ્રી ભરત સુબ્રમણ્યમ ભારતના 73મા ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા છે.

- તેમણે ઈટાલીના કટોલીકામાં યોજાયેલી ઈવેન્ટમાં ત્રીજો અને અંતિમ ગ્રાન્ડમાસ્ટર માપદંડ હાંસલ કર્યો હતો.
- તેમણે અન્ય ચાર રાઉન્ડની સાથે નવ રાઉન્ડમાંથી 6.5 પોઈન્ટ મેળવ્યા અને ઈવેન્ટમાં સાતમું સ્થાન મેળવ્યું.
- તેમણે અહીં તેનો ત્રીજો GM બેન્ચમાર્ક હાંસલ કર્યો અને અપેક્ષિત 2500 (ELO) માર્કને પણ સ્પર્શ કર્યો હતો.
- ગ્રાન્ડ માસ્ટર (GM) બનવા માટે ખેલાડીએ ત્રણ નો માપદંડોને સુરક્ષિત રાખવાની સાથે સાથે 2500 ELO પોઈન્ટ્સનું લાઈવ રેટિંગ પાસ કરવું આવશ્યક છે.
- નોંધનીય છે કે શ્રી સુબ્રમણ્યમ વર્ષ 2019માં 11 વર્ષ અને 8 મહિનાની ઉંમરે ઈન્ટરનેશનલ માસ્ટર બન્યા હતા.

નોંધ : (1) ગ્રાન્ડ માસ્ટર (GM) એ ચેસ ખેલાડીઓને આપવામાં આવતું શિર્ષક છે.

(2) તે વિશ્વ ચેસ સંસ્થા FIDE દ્વારા પ્રદાન કરવામાં આવે છે.

(3) ગ્રાન્ડ માસટર (GM) એ ચેસ ખેલાડીનું સર્વોચ્ચ ખિતાબ છે એકવાર હસ્તગત કર્યા પછી આ શિર્ષક જીવન ભર માટે જાળવી રાખવામાં આવે છે.

## સૂવરનું હૃદય પ્રથમ વખત મનુષ્યમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું

તાજેતરમાં અમેરિકાની મેરીલેન્ડ હોસ્પિટલના ડોકટરોએ દર્દીનો જીવ બચાવવાના છેલ્લા પ્રયાસમાં સૂવર (ડુક્કર)નું હૃદય ટ્રાન્સપ્લાન્ટ કર્યુ હતું.

- ચિકિત્સાના ઈતિહાસમાં આવુ પ્રથમ વખત કરવામાં આવ્યું છે.
- આ સર્જરીના ત્રણ દિવસ બાદ દર્દી સ્વસ્થ થયો હતો.

### ઝેનો ટ્રાન્સપ્લાન્ટેશન વિશે

ઝેનો ટ્રાન્સપ્લાન્ટેશનમાં અમાનવીય (માનવ સિવાયના અન્ય પાસેથી) પેશીઓ અથવા અવયવોનું મનુષ્યમાં પ્રત્યારોપણનો સમાવેશ થાય છે.

- આવા કોષો, અવયવો અથવા પેશીઓને ઝેનોગ્રાફસ અથવા ઝેનો ટ્રાન્સપ્લાન્ટ કહેવામાં આવે છે.
- ડુક્કરના હૃદયનું માનવમાં આ પ્રથમ સફળ ટ્રાન્સપ્લાન્ટ છે.
- આવા પ્રત્યારોપણ અથવા ઝેનો ટ્રાન્સપ્લાન્ટેશનના અગાઉના પ્રયાસો અસફળ રહ્યા છે.
- હૃદયના પ્રત્યારોપણના રિપોર્ટમાં જણાવાયું હતું કે સૂવરનું હૃદય માનવીને શરીરમાં પ્રત્યારોપિત કરવા માટે યોગ્ય છે. પરંતુ સૂવરના કોષમાં એક આલ્ફા–ગેલ સુગર સેલ હોય છે.
- માનવ શરીર આ કોષને સ્વીકારતુ નથી જેના કારણે દર્દીનું મૃત્યુ થઈ શકે છે. પરંતુ આ સમસ્યાને દૂર કરવા માટે પહેલા સૂવરને જિનેટિકલી મોડિફાઈડ કરાયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સી ડ્રેગન 22 અભ્યાસ (Exercise Sea Dragon 22)

સી ડ્રેગન 22 અભ્યાસ (Exercise Sea Dragon 22) એ બહુરાષ્ટ્રીય અભ્યાસ છે.

- આ કવાયત અથવા અભ્યાસમાં ભારત, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુએસએ, દક્ષિણ કોરિયા અને જાપાને ભાગ લીધો હતો.
- આ અભ્યાસ એન્ડરસન એરફોર્સ બેઝ, ગુઆમ ખાતે યોજાય છે. જે યુએસ એરફોર્સનો બેઝ છે.
- સી ડ્રેગન એ યુ.એસ.ની આગેવાની હેઠળની બહુરાષ્ટ્રીય કવાયત છે જે ઈન્ડો–પેસિફિકમાં પરંપરાગત અને દરિયાઈ સુરક્ષા પડકારોના પ્રતિભાવમાં એકસાથે હાથ ધરવામાં આવનાર સબમરીન વિરોધી યુદ્ધ વ્યૂહરચનાઓનો અભ્યાસ અને ચર્ચા કરવા માટે રચાયેલ છે.
- સી–ડ્રેગન એ વાર્ષિક અભ્યાસ છે.
- ચીન સાથેના કેટલાક દેશોના તણાવપૂર્ણ સંબંધો અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં PLA–નેવીના વધતા પ્રયાસોને ધ્યાનમાં રાખીને આ કવાયત મહત્વ ધરાવે છે.
- ભારતીય નૌકાદળે તાજેતરમાં વધુ બે પોસેડોન 81 મેરિટાઈમ રિકોનિસન્સ અને એન્ટી–સબમરીન યુદ્ધ વિમાન ચાલુ કર્યા છે જે આ ક્ષેત્રમાં ચીની જહાજો અને સબમરીન પર નજર રાખવાની તેની ક્ષમતાને વધુ મજબૂત કરશે.

## ટાટા ગ્રુપ IPLનું ટાઈટલ સ્પોન્સર બન્યું

<u>IPL</u> T-20 લીગ <u>2022</u> અને <u>2023</u>ની સિઝન માટે ટાટા ગ્રુપ IPLનું <u>સ્પોન્સર</u> બન્યું છે.

- આ અગાઉ <u>Vivo</u> IPLનું ટાઈટલ સ્પોન્સર હતું.
- IPLના ચેરમેન શ્રી બ્રિજેશ પટેલે આ જાહેરાત કરી હતી.

### અત્યાર સુધીની IPL સ્પોન્સર લિસ્ટ

| ક્રમ | સ્પોન્સર | સમયગાળો |
|---|---|---|
| 1 | DLF | 2008-2012 |
| 2 | Pepsi | 2013-2015 |
| 3 | Vivo | 2016-2017 |
| 4 | Vivo | 2018-2019 |
| 5 | Dream 11 | 2020 |
| 6 | Vivo | 2021 |
| 7 | TATA | 2022-2023 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

PSI-ASI-કોન્સ્ટેબલ
મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક
9,000 થી વધુ પ્રશ્ન-જવાબ
■ અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન-જવાબ
■ 6 મહિનાનું કરંટ અફેર્સ
■ આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો


www.iceonline.in

1. 'આંતરરાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 જાન્યુઆરી
(B) 12 ઓગસ્ટ
(C) 12 સપ્ટેમ્બર
(D) 12 ઓક્ટોબર

(B)

2. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 જાન્યુઆરી
(B) 12 ઓગસ્ટ
(C) 12 સપ્ટેમ્બર
(D) 12 ઓક્ટોબર

(A)

3. શ્રી ભરત સુબ્રમણ્યમ ભારતના કેટલામાં ચેસ ગ્રાન્ડમાસ્ટર બન્યા છે ?

(A) 63મા
(B) 67મા
(C) 73મા
(D) 78મા

(C)

4. અમેરિકાના ડોકટરોએ કયા પ્રાણીનું હૃદય તાજેતરમાં મનુષ્યમાં ટ્રાન્સપ્લાન્ટ કર્યુ છે ?

(A) સૂવર
(B) ચિમ્પાન્ઝિ
(C) બિલાડી
(D) કૂતરો

(A)

5. તાજેતરમાં યોજાયેલા 'સી ડ્રેગન 22 અભ્યાસ' વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) આ અભ્યાસમાં ભારત, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુએસએ, દક્ષિણ કોરિયા અને જાપાને ભાગ લીધો હતો.

(B) સી ડ્રેગન એ યુ.એસ.ની આગેવાની હેઠળની બહુરાષ્ટ્રીય કવાયત અથવા અભ્યાસ છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

(C)

6. IPLનું નવુ ટાઈટલ સ્પોન્સર (2022-23 માટે) કોણ બન્યું છે ?

(A) ADANI
(B) TATA
(C) CVC
(D) DLF

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Henley Passport Index 2022માં ભારત 83મા ક્રમે

Henley & Partners દ્વારા જાન્યુઆરી 2022 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્ષ 2022ના Passport Indexમાં વિવિધ દેશોમાં ભારત 83મા ક્રમે છે.

- આ અગાઉ પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં ભારત 90મા ક્રમે હતું.
- વર્ષ 2022ના આ ઈન્ડેક્સમાં ભારત ઉપરાંત સાઓ તોમે અને પ્રિન્સેપે દેશ પણ 83મા ક્રમે છે.
- જ્યારે જાપાન અને સિંગાપોર આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ જર્મની અને દક્ષિણ કોરિયા બીજા ક્રમે છે જ્યારે ફિનલેન્ડ, ઈટાલી, લકઝમબર્ગ અને સ્પેન ત્રીજા ક્રમે છે.
- આ ઉપરાંત અફઘાનિસ્તાન આ ઈન્ડેકસમાં અંતિમ 111મા ક્રમે છે.

### Henley Passport Index 2022 Rank

| Rank | Passport/Country | Score |
|---|---|---|
| 1 | જાપાન, સિંગાપોર | 192 |
| 2 | જર્મની, દક્ષિણ કોરિયા | 190 |
| 3 | ફિનલેન્ડ, ઈટાલી, લકઝમબર્ગ અને સ્પેન | 189 |
| 83 | ભારત, સાઓ તોમે, પ્રિન્સેપે | 60 |
| 102 | શ્રીલંકા, સુદાન | 41 |
| 108 | પાકિસ્તાન | 31 |
| 109 | સીરિયા | 29 |
| 110 | ઈરાક | 28 |
| 111 | અફઘાનિસ્તાન | 26 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) આ અગાઉ ભારત 58 દેશોમાં વિઝા ફ્રી પ્રવેશ ધરાવતું હતું પરંતુ તાજેતરમાં ઓમાન અને આર્મેનિયા દેશનો સમાવેશ થતા હવે ભારત 60 દેશોમાં વિઝા ફ્રી પ્રવશે ધરાવે છે.

(2) 'હેન્લે પાસપોર્ટ ઈન્ડેક્સ' એ વિશ્વના તમામ પાસપોર્ટની મૂળભૂત રેન્કિંગ છે, જે દર્શાવે છે કે કોઈ ચોક્કસ દેશમાંથી પાસપોર્ટ ધારક અગાઉના વિઝા વિના કેટલા દેશોમાં મુસાફરી કરી શકે છે.

(3) આ ઈન્ડકેસની સ્થાપના મૂળરૂપે ડો. ક્રિશ્ચિયન એચ કેલિન દ્વારા કરવામાં આવી હતી.

(4) વર્ષ 2006માં તેને લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઈન્ડેકસ 199 પાસપોર્ટની રેન્કિંગ પ્રદાન કરે છે.

## IMFના નવા મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે શ્રી પિયરે-ઓલિવિયર ગૌરીંચાસની નિમણૂક



તાજેતરમાં ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ નવા મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે શ્રી પિયરે ઓલિવિયર ગૌરીંચાસ (Pierre-Olivier Gourinchas)ની નિમણૂક કરી છે.

- તેઓ મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે શ્રીમતી ગીતા ગોપીનાથનું સ્થાન લેશે.
- શ્રી ગૌરીંચાસ હાલમાં કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં ક્લોસેન સેન્ટર ફોર ઈન્ટરનેશનલ બિઝનેસ એન્ડ પોલિસીના ડિરેક્ટર છે.
- તેઓ 24 જાન્યુઆરી, 2022ના રોજ પાર્ટ–ટાઈમ તેમની નવી સ્થિતિ શરૂ કરશે.
- ત્યારબાદ 1 એપ્રિલ, 2022ના રોજ પૂર્ણસમય માટે રૂપાંતરિત થશે.
- શ્રી પિયરે ઓલિવિયર ગોરીંચાસ (અથવા ગોરિન્ચેસ) ફ્રેન્ચ નાગરિક છે.

## બ્રહ્મોસ મિસાઈલનું સફળ પરીક્ષણ

તાજેતરમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની વિસ્તૃત રેન્જના સમુદ્ર થી સમુદ્ર સંસ્કરણનું INS વિશાખાપટ્ટનમમાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### એડવાન્સ વેરિઅન્ટ વિશે

બ્રહ્મોસ મિસાઈલને શરૂઆતમાં 290 કિ.મી.ની રેન્જ સાથે વિકસાવવામાં આવી હતી.

- મિસાઈલ ટેકનોલોજી કન્ટ્રોલ રેજીમ (MTCR)ના આદેશ મુજબ મિસાઈલની રેન્જ મૂળ 290 કિ.મી. હતી.
- જોકે જૂન 2016માં MTCRમાં ભારતના પ્રવેશ પછી તેની રેન્જ લગભગ 450 કિ.મી.ની હતી અને ભવિષ્યમાં તેને 600 કિ.મી. સુધી વધારવાની યોજના છે.

### બ્રહ્મોસ મિસાઈલ

બ્રહ્મોસ મિસાઈલ એ એક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.

- તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ પરથી લોન્ચ કરી શકાય છે.
- તે કોઈપણ હવામાનમાં દિવસ અને રાત કામ કરી શકે છે.
- તે 'ફાયર એન્ડ ફોર્ગેટ્સ'ના સિદ્ધાંત પર કામ કરે છે. એટલે કે તેને લોન્ચ કર્યા પછી માર્ગદર્શનની જરૂર નથી.
- તે બે તબક્કાવાળી (પ્રથમ તબક્કામાં સોલિડ પ્રોપેલન્ટ એન્જિન અને બીજા તબક્કામાં લિક્વિડ રેમજેટ) મિસાઈલ છે.


INSTITUTE FOR COMPETITIVE EXAMS

- બ્રહ્મોસ મિસાઈલ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોમાંથી એક છે.
- બ્રહ્મોસ મિસાઈલ એ રશિયાના <u>NPO Mashinostroeyenia</u> અને ભારતના <u>DRDO</u> વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
- ભારતની <u>બ્રહ્મપુત્રા</u> અને રશિયાની <u>મોસ્કવા</u> નદીના નામ પરથી આ મિસાઈલનું નામ <u>બ્રહ્મોસ</u> રાખવામાં આવ્યું છે.
- બ્રહ્મોસ મિસાઈલ હાલમાં <u>મેક 2.8</u>ની ઝડપે કામ કરે છે, જે અવાજની ગતિ કરતા લગભગ 3 ગણી વધારે છે.

## MTCR વિશે

MTCRનું પૂરું નામ <u>'Missile Technology Control Regime'</u> છે.

- મિસાઈલ અને માનવ રહિત હવાઈ વાહન ટેકનોલોજીના ફેલાવાને રોકવા માટે <u>35 દેશો</u> વચ્ચે આ એક અનૌપચારિક અને સ્વૈચ્છિક ભાગીદારી છે, જે 300 કિ.મી.ની રેન્જમાં <u>500 કિગ્રાથી</u> વધુ પેલોડ વહન કરવામાં સક્ષમ છે.
- આમ સભ્યોને આવી મિસાઈલો અને UAV સિસ્ટમ સપ્લાય કરવાથી અટકાવવામાં આવે છે. જે બિન–સભ્યો માટે MTCR દ્વારા નિયંત્રિત છે.
- તમામ સભ્યોની સંમતિથી નિર્ણયો લેવામાં આવે છે.
- MTCR સભ્યો દેશોનું <u>બિન–સંધિ</u> સંગઠન છે.
- તેની સ્થાપના એપ્રિલ 1987માં G7 દેશો – યુ.એસ, યુકે, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ઈટાલી અને જાપાન દ્વારા કરવામાં આવી હતી.
- તે કાયદેસર રીતે બંધનકર્તા નથી તેથી શાસનની માર્ગદર્શિકાનું પાલન ન કરવા સામે કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા નથી.
- વર્ષ <u>2016</u>માં ભારત MTCRના <u>35માં</u> સભ્ય તરીકે જોડાયું હતું.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2022'માં ભારત કયા ક્રમે છે ?

(A) 82 (B) 83

(C) 84 (D) 85 **(B)**

**2.** હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2022'માં પ્રથમ ક્રમે કયો/કયા દેશ છે ?

(A) જર્મની (B) ફિનલેન્ડ

(C) ફિનલેન્ડ અને જાપાન (D) જાપાન અને સિંગાપોર **(D)**

**3.** હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2022'માં અંતિમ ક્રમે કયો દેશ છે ?

(A) પાકિસ્તાન (B) સીરિયા

(C) ઈરાક (D) અફઘાનિસ્તાન **(D)**

**4.** તાજેતરમાં IMFના મુખ્ય અર્થશાસ્ત્રી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) ફ્રેડરિક વોન વિઝર (B) પિયરે ઓલિવિયર ગૌરીંચાસ

(C) આર્થર લેવિસ (D) જેમ્સ મેઈટલેન્ડ **(B)**

**5.** તાજેતરમાં કયા જહાજમાંથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું ?

(A) INS વિશાખાપટ્ટનમ (B) INS કલવરી

(C) INS ગોવા (D) INS ખૂકરી **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 જાન્યુઆરી, સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ (Armed Forces Veterans' Day)

## ઈસરોના નવા અધ્યક્ષ : ડૉ. એસ. સોમનાથ



તાજેતરમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. એસ. સોમનાથને ISROના અધ્યક્ષ અને અવકાશ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ ISROના અધ્યક્ષ તરીકે શ્રી કે. સિવનનું સ્થાન લેશે.

### ડૉ. એસ. સોમનાથ

ડૉ. એસ. સોમનાથનો જન્મ જુલાઈ, 1963માં થયો હતો.

- તેમનું પૂરું નામ શ્રી શ્રીધરા પનીકર સોમનાથ (Sreedhara Panicker Somnath) છે.
- તેમણે 'પોલાર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)' અને 'જીઓસિંક્રોનસ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ MK-III (GSLV MK-III)'ના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.
- તેઓ વર્ષ 2003માં GSLV MK-III પ્રોજેક્ટમાં જોડાયા હતા અને વર્ષ 2010થી 2014 સુધી પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે સેવા આપી હતી.
- તેઓ લોન્ચિંગ વાહનોના સિસ્ટમ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં નિષ્ણાત છે.
- બાદમાં તેમણે GSLV માટે સ્વદેશી ક્રાયોજેનિક તબક્કાના વિકાસમાં ફાળો આપ્યો હતો.
- હાલમાં તેઓ વિક્રમભાઈ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC)ના ડિરેક્ટર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ISRO

ISROનું પૂરું નામ 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' (ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર) છે.

- ઈસરોની સ્થાપના 15 ઓગસ્ટ, 1969ના રોજ થઈ હતી.
- જોકે INCOSPAR (ઈન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચ) રૂપે તેની સ્થાપના 1962માં થઈ હતી.
- ઈસરોનું વડું મથક કર્ણાટકના બેંગાલુરૂ ખાતે આવેલું છે.
- ઈસરોનું આદર્શ વાક્ય 'માનવ જાતિની સેવામાં અવકાશ ટેકનોલોજી' છે.
- ઈસરોની વેબસાઈટનું નામ www.isro.gov.in છે.

## DRDO એ MPATGMનું પરીક્ષણ કર્યુ

**DRDO** એ તાજેતરમાં <u>'મેન–પોર્ટેબલ એન્ટી–ટેન્ક ગાઈડેડ મિસાઈલ' **(MPATGM)**</u>નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.

- આ પરીક્ષણ દરમિયાન **MPATGM**નું અંતિમ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### MPATGM મિસાઇલ

<u>'મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ' **(MPATGM)**</u> એ સ્વદેશી નિર્મિત એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.

- એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ એ એક મધ્યમ અથવા લાંબા અંતરની મિસાઈલ છે, જેનો મુખ્ય ઉદ્દેશ ટેન્ક અને અન્ય સશસ્ત્ર વાહનોને નાશ કરવાનો છે.
- તે <u>**'Fire and Forget'**</u> પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે.
- તેને <u>15</u> કિલોગ્રામથી ઓછા વજનની સાથે <u>2.5</u> કિ.મી.ની મહત્તમ રેન્જમાં લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલ અત્યાધુનિક ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકર અને એડવાન્સ્ડ એવિઓનિક્સથી સજ્જ છે.
- તેના સફળ પરીક્ષણથી સરકારના આત્મનિર્ભર ભારતના અભિયાનને વેગ મળ્યો છે અને ભારતીય સૈન્યને મજબૂતી પ્રદાન કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. કયા દિવસે 'સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 12 જાન્યુઆરી (B) 13 જાન્યુઆરી

(C) 14 જાન્યુઆરી (D) 15 જાન્યુઆરી (C)

2. તાજેતરમાં ISROના નવા અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) ડો. એસ. સોમનાથ (B) શ્રી તપન મિશ્રા

(C) શ્રી જી. માધવન નાયર (D) કે. રાધા કૃષ્ણનન (A)

3. ISROની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1964 (B) 1965

(C) 1958 (D) 1969 (D)

4. તાજેતરમાં DRDOએ MPATGM મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. MPATGMનું પૂરું નામ 'મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ' છે.
2. તે Fire and Forget પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે.
3. તે સ્વદેશી નિર્મિત એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.
4. આ મિસાઈલનું નિર્માણ DRDO અને ROCCOMOS એ સંયુક્ત રીતે કર્યુ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day)




દેશની સુરક્ષામાં કાર્યરત સૈનિકો તથા શહીદ જવાનોના સન્માનમાં ભારતમાં દર વર્ષે 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 15 જાન્યુઆરી, 1949ના રોજ ફીલ્ડ માર્શલ કે. એમ. કરિપ્પાએ ભારતના અંતિમ બ્રિટિશ કમાન્ડર ઈન ચીફ જનરલ સર ફ્રાન્સિસ બુચર પાસેથી ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ તરીકેનો પદભાર સંભાળ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 15 જાન્યુઆરીના રોજ 'થલ સેના દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે ભારતે 74મો આર્મી ડે ઉજવાયો છે.

નોંધ : ભારતીય સેના (Indian Army)નો Motto (આદર્શ વાક્ય) 'Service Before Self' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફિલિપાઈન્સ ભારત પાસેથી ખરીદશે બ્રહ્મોસ મિસાઈલ



ભારતની સંરક્ષણ નિકાસને પ્રોત્સાહન આપવા માટે ફિલિપાઈન્સે ભારતમાં ઉત્પાદિત બ્રહ્મોસ મિસાઈલ માટે ભારત સથે 374.9 મિલિયન ડોલરના સોદા પર ટૂંક સમયમાં હસ્તાક્ષર કરશે.

- ફિલિપાઈન્સની ચીન સાથેના પ્રાદેશિક સંઘર્ષ વચ્ચે તેના સંરક્ષણને મજબૂત કરવાની યોજનાના ભાગરૂપે આ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવશે.
- અગાઉ ફિલિપાઈન્સના રાષ્ટ્રીય સંરક્ષણ વિભાગે બ્રહ્મોસ કરાર પર હસ્તાક્ષર કરવા માટે 'નોટિસ ઓફ એવોર્ડ' પ્રકાશિત કર્યો હતો.
- એટલે કે ફિલિપાઈન્સે ભારતની ઓફર સ્વીકારી છે. અને હવે તે કરાર પર હસ્તાક્ષર કરવા માગે છે.
- ફિલિપાઈન્સ સાથે બ્રહ્મોસ મિસાઈલનો સોદો મહત્વનો છે કારણ કે ફિલિપાઈન્સ સરકાર સાથેનો નવીનતમ ઓર્ડર આ ક્ષેત્રમાં ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો સોદો હશે.

## વિશ્વનો સૌથી મોટો ખાદી રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરવામાં આવ્યો

15 જાન્યુઆરી 2022ના રોજ 'આર્મી ડે'ની ઉજવણી કરવા માટે ખાદીના કાપડમાંથી બનેલો વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રીય ધ્વજ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

- જેસલમેરમાં ભારત–પાકિસ્તાન બોર્ડર પર લોંગેવાલામાં પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.
- લોંગેવાલા ભારત અને પાકિસ્તાન વચ્ચેના ઐતિહાસિક 1971ના યુદ્ધનું કેન્દ્ર સ્થાન હતું.
- ખાદી રાષ્ટ્ર ધ્વજનું આ પાંચમું જાહેર પ્રદર્શન છે.
- આ અગાઉ સૌપ્રથમ 2 ઓક્ટોબર, 2022ના રોજ લેહમાં પ્રદર્શિત કરવામાં આવ્યો હતો, ત્યારબાદ વાયુ સેના દિવસ, રસીકરણના 100 કરોડ ડોઝ પૂર્ણ થવાના અવસરે અને નેવી ડેના દિવસે ગેટવે ઓફ ઈન્ડિયા પાસે ખાદીનો રાષ્ટ્ર ધ્વજ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.
- ખાદી અને ગ્રામોદ્યોગ (KVIC) દ્વારા આ 'રાષ્ટ્રીય ધ્વજ' તૈયાર કરવામાં આવ્યો છે.
- આ રાષ્ટ્ર ધ્વજ અંદાજે 225 ફૂટ લાંબો અને 150 ફૂટ પહોળો છે. તેનું વજન લગભગ 1400 કિલો છે.
- આ રાષ્ટ્ર ધ્વજમાં અશોક ચક્ર છે તેનો વ્યાસ 30 ફૂટ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## PANEX - 2021

ડિસેમ્બર-2021માં માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કવાયત PANEX-21 પૂણે ખાતે 20-22 ડિસેમ્બર દરમિયાન યોજાઈ હતી.

- આ કવાયત BIMSTEC દેશો માટે હાથ ધરવામાં આવી હતી.
- આ કવાયતનો મુખ્ય ઉદેશ્ય કુદરતી આફતોના પ્રતિભાવમાં પ્રાદેશિક સહયોગનું નિર્માણ કરવાનો છે.
- આ ઉપરાંત કોવિડ-19 મહામારીની પૃષ્ઠભૂમિમાં સહભાગીઓએ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરીના સંચાલનનો સામનો કરવામાં આવતા પડકારો અને વિવિધ પગલા સંબંધિત પાસાઓ પર પણ ચર્ચા કરી હતી.

### BIMSTEC

બિમ્સ્ટેક એ બંગાળની ખાડીમાં વસતા સાત દેશોનું સંગઠન છે.

- બિમ્સ્ટેકનો મુખ્ય ઉદ્દેશ બંગાળની ખાડીમાં રહેલા દેશો વચ્ચે ટેકનિકલ અને આર્થિક સહયોગનો છે.
- આ ઉદ્દેશની પૂર્તિ માટે 6 જૂન, 1997ના રોજ 'બેંગકોક ઘોષણા પત્ર' અંતર્ગત બિમ્સ્ટેકની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડુંમથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
- બિમ્સ્ટેકના કુલ સાત સભ્ય દેશો છે. જેમાં ભારત, બાંગ્લાદેશ, ભૂટાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.

1. ભારતમાં 'થલ સેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી

(C) 17 જાન્યુઆરી (D) 18 જાન્યુઆરી (A)

2. કયો દેશ ભારત પાસેથી બ્રહ્મોસ મિસાઈલ ખરીદશે ?

(A) થાઈલેન્ડ (B) શ્રીલંકા

(C) ફિલિપાઈન્સ (D) જર્મની (C)

3. 15 જાન્યુઆરી, 2022ના રોજ 'આર્મી ડે' નિમિતે કયા સ્થળે ખાદીના કાપડમાંથી બનેલો વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રીય ધ્વજ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો ?

(A) લોંગેવાલા, જેસલમેર (B) કેવડિયા, નર્મદા

(C) કોચી, કેરળ (D) રામેશ્વરમ, તમિલનાડુ (A)

4. તાજેતરમાં કયા જૂથે PANEX-2021 કવાયતનું આયોજન કર્યુ હતું ?

(A) SAARC (B) ASEAN

(C) BIMSTEC (D) G-20 (C)

5. બિમસ્ટેકના દેશો વચ્ચે PANEX-21નું આયોજન કયાં થયું હતું ?

(A) દિલ્હી (B) પૂણે (C) મુંબઈ (D) નાગપુર (B)

6. BIMSTECનું વડુંમથક કયાં આવેલું છે ?

(A) પૂણે (B) ઢાકા

(C) કોલંબો (D) મનાલી (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **ગાંધીનગરમાં ગુજરાત સરકાર અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે MoU**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગુજરાતને નેટ ઝીરો અને કાર્બન ફ્રી બનાવવાના હેતુથી ગુજરાત સરકાર સાથે રૂ. 5.95 લાખ કરોડના રોકાણો માટે ગાંધીનગરમાં MoU થયા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ MoU પર ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવકુમાર ગુપ્તા તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વતી ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી પરિમલ નથવાણીએ હસ્તાક્ષર કર્યા હતા. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2022 અંતર્ગત રોકાણ પ્રોત્સાહનરૂપે રિલાયન્સ દ્વારા આ MoU કરવામાં આવેલ છે. તદઅનુસાર રાજ્યમાં આવનારા દસકમાં 100 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી પાવર પ્લાન્ટ અને ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમના વિકાસ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ રૂ. 5 લાખ કરોડના આ સૂચિત રોકાણો કર્યા છે. આ સૂચિત પ્રોજેક્ટના પરિણામે રાજ્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને અંદાજિત 10 લાખ જેટલી રોજગારી તકોનું સર્જન થશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **હૈદરાબાદમાં ઈ-ગવર્નન્સ 2022 પર નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું**

24મી રાષ્ટ્રીય ઈ–ગવર્નન્સ કોન્ફરન્સનું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સ એન્ડ પબ્લિક ગ્રીવન્સ (DARPG), તેલંગાણા રાજ્ય સરકાર અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા 7-8 જાન્યુઆરી 2022 દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સ હૈદરાબાદ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર, માધાપુર ખાતે યોજાઈ હતી. આ કોન્ફરન્સનું આયોજન 'India's Techade : Digital Governance in a Post Pandemic World' થીમ હેઠળ કરવામાં આવ્યું હતું.

➤ **નિર્ભયા કઢી અભિયાન (Nirbhaya Kadhi Campaign)**

ઓડિશાના ગંજમ જિલ્લાએ પોતાને રાજ્યનો પ્રથમ બાળ લગ્ન મુક્ત જિલ્લો જાહેર કર્યો છે. છેલ્લા બે વર્ષમાં 2020 અને 2021માં ગંજન જિલ્લા વહીવટીતંત્ર લગભગ 450 બાળ લગ્નો અને 48,383 લગ્ન વિડિયો–રેકોર્ડ રોકવામાં સફળ રહ્યું છે. આ માટે ગંજમ જિલ્લામાં નિર્ભયા કઢી અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનની શરૂઆત કિશોર વયની છોકરીઓને શાળા છોડતા રોકવા અને સલાહ આપવાના હેતુથી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત તમામ શૈક્ષણિક સંસ્થાઓના વડાઓને સૂચના આપવામાં આવી હતી કે જો 12 થી 18 વર્ષની કોઈ બાળકી પાંચ દિવસ સુધી ગેરહાજર રહે તો વહીવટી તંત્રને જાણ કરે.

➤ **હૈદરાબાદ ઓપન રોક મ્યુઝિયમ**

6 જાન્યુઆરી, 2021ના રોજ કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી અને 'પૃથ્વી વિજ્ઞાન રાજ્યમંત્રી જીતેન્દ્ર સિંહે હૈદરાબાદમાં પ્રથમ 'ઓપન રોક મ્યુઝિયમ' (Open Rock Museum)નું ઉદ્ઘાટન કર્યું હતું. આ મ્યુઝિયમ ભારતના વિવિધ ભાગોમાંથી લગભગ 35 વિવિધ પ્રકારના ખડકો દર્શાવે છે. આ ખડકોની ઉંમર 3.3 બિલિયન વર્ષથી લઈને લગભગ 55 મિલિયન વર્ષ સુધીની છે. આ મ્યુઝિયમનું ઉદ્ઘાટન CSIR-National Geophysical Research Institute (NGRI)માં કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **વીર ગાથા પ્રોજેક્ટ**

ભારત સરકારે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'વીર ગાથા પ્રોજેક્ટ' શરૂ કર્યો હતો. ભારતમાં શાળાના બાળકોને યુદ્ધના નાયકો અને નાયકોની વાર્તાઓથી વાકેફ કરીને પ્રેરણા આપવા માટે વીર ગાથા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના વિજેતા તરીકે 25 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. આ અંતર્ગત વિદ્યાર્થીઓને વીરતા પુરસ્કાર વિજેતાઓ પર આધારિત પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ હાથ ધરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ સમગ્ર ભારતમાં 21 ઓક્ટોબર 2021થી 21 નવેમ્બર 2021 દરમિયાન હાથ ધરવામાં આવ્યો હતો. વીરગાથા પ્રોજેક્ટનું આયોજન શિક્ષણ મંત્રાલય, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ અને CBSE દ્વારા કરવામાં આવ્યું હતું.

➤ **ભારતના સૌથી વૃદ્ધ સુસ્ત રીંછ ગુલાબોનું મૃત્યુ**

10 જાન્યુઆરી, 2022ના રોજ ભોપાલના વન વિહાર રાષ્ટ્રીય ઉદ્યાન અને પ્રાણી સંગ્રાહલયમાં ભારતના સૌથી વૃદ્ધ સુસ્ત (સ્લોથ) રીંછ ગુલાબોનું મૃત્યું થયું છે. ગુલાબો 40 વર્ષની હતી. આ માદા સ્લોથ રીંછ આ ઉદ્યાનના મુખ્ય આકર્ષણોમાંનું એક હતું. પાર્ક સ્ટાફ દ્વારા નિયમો અનુસાર ગુલાબોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

➤ **PMની સુરક્ષામાં ચૂક અંગે સુપ્રીમે તપાસ માટે પાંચ સભ્યોની સમિતિ બનાવી**

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પંજાબ પ્રવાસ દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં જે ચૂક થઈ હતી તેની તપાસ માટે સુપ્રીમ કોર્ટે ભૂતપૂર્વ ન્યાયાધીશ શ્રીમતી ઈન્દુ મલ્હોત્રાની આગેવાની હેઠળ પાંચ સભ્યોની એક સમિતિની રચના કરી છે. આ સમિતિ એ બાબતની તપાસ કરશે કે સુરક્ષાના ઉલ્લંઘન માટે કોણ જવાબદાર હતું અને સાથે ચુસ્ત સુરક્ષાના નવા ઉપાયો અંગે ભલામણ પણ કરશે.


➤ **કથ્થક નૃત્યકાર શ્રી પંડિત મુન્ના શુકલાનું નિધન**

તાજેતરમાં પ્રસિદ્ધ કથક ડાન્સર શ્રી પંડિત મુન્ના શુકલાનું નિધન થયું છે. તેમની પ્રસિદ્ધ કૃતિઓમાં ડાન્સ ડ્રામા શાન–એ–મુગલ, ઈન્દર સભા, અમીર ખુસરો, અંગ મુક્તિ, અન્વેષા, વગેરેનો સમાવેશ થાય છે. નૃત્યની દુનિયામા તેમના યોગદાનને સંગીત નાટક અકાદમી પુરસ્કાર (2006), સાહિત્ય કલા પરિષદ પુરસ્કાર (2003) અને સરસ્વતી સન્માન (2011)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વિશ્વ

➤ **ચંદ્ર પર પાણીના પ્રથમ ઓન-સાઈટ પુરાવા મળ્યા**

ચીનના ચાંગ–ઈ-5 લૂનર (ચંદ્ર) લેન્ડરને પ્રથમ વખત ચંદ્રની સપાટી પર પાણીના સ્થળ પર પુરાવા મળ્યા છે. આ અભ્યાસ 8 જાન્યુઆરી, 2022ના રોજ 'સાયન્સ એડવાન્સિસ' જર્નલમાં પ્રકાશિત થયો હતો. આ અભ્યાસ દર્શાવે છે કે લેન્ડિંગ સાઈટ પર ચંદ્રની માટીમાં પ્રતિ ટન 120 ગ્રામ પાણી અથવા 120 PPM (Parts per Million) પાણી હોય છે. Chang-e-5 અવકાશયાન એ ચાઈનીઝ ચંદ્ર સંશોધન કાર્યક્રમનું પાંચમું સંશોધન કેન્દ્ર છે.

GPSC
7700+ TOTAL QUESTIONS
GPSC CLASS 1/2, STI, PI, Dy. SO,
Dy. MAMLATDAR, A.O.,
GUJ ENGINEERING SERVICE, તથા
લેક્ચરર અને આસિસ્ટન્ટ પ્રોફેસરના
પેપરોનો સમાવેશ



www.iceonline.in

## ICE ? Questions

- તાજેતરમાં કઈ કંપની દ્વારા ગુજરાતને નેટ ઝીરો અને કાર્બન ફ્રી બનાવવાના હેતુથી ગુજરાત સરકાર સાથે રૂ. 5.95 લાખ કરોડના રોકાણો માટે ગાંધીનગરમાં MoU થયા છે ? – રિલાયન્સ
- તાજેતરમાં કયા સ્થળે રાષ્ટ્રીય ઈ–ગવર્નન્સ કોન્ફરન્સનું આયોજન થયું હતું ? – હૈદરાબાદ
- ઓડિશાના કયા જિલ્લાએ પોતાને રાજ્યનો પ્રથમ બાળ મૂક્ત જિલ્લો જાહેર કર્યો છે ? – ગંજમ
- કયા સ્થળે તાજેતરમાં 'ઓપન રોક મ્યુઝિયમ'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું ? – હૈદરાબાદ
- શાળાના બાળકોને યુદ્ધના નાયકો અને નાયકોની વાર્તાઓથી વાકેફ કરવા માટે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે કયો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે ? – વીરગાથા પ્રોજેક્ટ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ Chang-e-5 અવકાશયાન કયા દેશનું છે ? – ચીન
- તાજેતરમાં ભારતના સૌથી વૃદ્ધ સુસ્ત કઈ માદા રીંછનું મૃત્યુ થયું છે ? – ગુલાબો
- PMની સુરક્ષામાં ચૂક અંગે કોની અધ્યક્ષતામાં સુપ્રીમ કોર્ટે તપાસ સમિતિ બનાવી છે ? – શ્રીમતી ઈન્દુ મલ્હોત્રા
- તાજેતરમાં શ્રી પંડિત મુન્ના શુકલાનું નિધન થયું હતું. તે કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – કથ્થક નૃત્ય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


સામાન્ય
વિજ્ઞાન
COMING SOON



પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિન સચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC, UPSC, SSC, BANK તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ–અધાતુ, એસિડ–બેઈઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

www.iceonline.in

# Question Of this Week

1. કયા મિશન હેઠળ RPFના જવાનોએ છેલ્લા ચાર વર્ષમાં રેલવે સ્ટેશનો પર ચાલતી ટ્રેનોના પૈડામાંથી 1650 લોકોના જીવ બચાવ્યા છે ? – મિશન જીવન રક્ષા

2. પર્યાવરણ મંત્રાલય દ્વારા કઈ ઉત્પાદન માટે 'વિસ્તારિત ઉત્પાદક જવાબદારી' પર માર્ગદર્શિકા જાહેર કરી છે ? – બેકાર ટાયર (West Tyres)

3. ઓલાફ શોલ્ઝ (Olaf Scholz) ને તાજેતરમાં કયા દેશના વડા (ચાન્સેલર) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – જર્મની

4. હૈદરાબાદ ઘોષણા જે તાજેતરમાં સમાચારોમાં હતું તે શેના સંબંધિત છે ? – ઈ–ગવર્નન્સ

5. સંજય તળાવ જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થિત એક આદ્રભૂમિ (Wetland) છે ? – નવી દિલ્હી

6. તાજેતરમાં ચીનને કોણે 'વિકાસશીલ દેશ'નો દરજ્જો આપ્યો છે ? – વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)

7. ભારતની પ્રથમ મોબાઈલ હની પ્રોસેસિંગ વેન કયા રાજ્યમાં લોન્ચ કરવામાં આવી હતી ? – ઉત્તર પ્રદેશ

8. 'Ecowrap' કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલ મુખ્ય અહેવાલ છે ? – SBI

9. અગરતલા અને જીરીબામ વચ્ચે ઉદઘાટન કરાયેલ નવી જન શતાબ્દી એકસપ્રેસ ત્રિપુરાને કયા રાજ્ય સાથે જોડે છે ? – મણિપુર

10. તાજેતરમાં સમાચારોમાં રહેલ વુલ્ફ જ્વાળામુખી કયા ટાપુ સમૂહનું સૌથી ઊંચું શિખર છે ?– ગાલાપાગોસ ટાપુઓ (વુલ્ફ જ્વાળામુખી જેને માઉન્ટ વ્હીટન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ગાલાપાગોસ ટાપુઓનું સૌથી ઊંચુ શિખર છે. તે પેસિફિક મહાસાગરમાં જ્વાળામુખી દ્વીપ સમુહ છે.)

11. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ગેટવે ટુ હેલ' કયા દેશમાં સ્થિત છે ? – તુર્કમેનિસ્તાન (તુર્કમેનિસ્તાનનો 'ગેટવે ટુ હેલ' એ કુદરતી ગેસનો મોટો ખાડો છે જે પાંચ દાયકાથી બળી રહ્યો છે. તાજેતરમાં તુર્કમેનિસ્તાનના રાષ્ટ્રપતિએ આગ બુઝાવવાનો આદેશ આપ્યો હતો.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**12.** વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે શેના સંબંધિત છે ? – હવામાન શાસ્ત્ર

**13.** ઈન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચ (ICHR) એ કયા કેન્દ્રીય મંત્રાલય હેઠળની સ્વાયત સંસ્થા છે ? – શિક્ષણ મંત્રાલય

**14.** ‘રેડ સેન્ડર્સ’ કોની પ્રજાતિ છે, જે તાજેતરમાં સમાચારમાં હતું ? – વૃક્ષ

**15.** કયા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ ‘જગન્ના સ્માર્ટ ટાઉનશિપ વેબસાઈટ’ શરૂ કરી છે ? – આંધ્રપ્રદેશ


**16.** તાજેતરમાં કોણે ખાદીના હાથથી બનાવેલા કાગળના ચપ્પલ લોન્ચ કર્યા છે ? – KVIC

**17.** કેરળના કોચીનનું કયું ગામ ભારતની પ્રથમ સેનેટરી નેપકીન મુક્ત પંચાયત બનવા માટે તૈયાર છે ? – કુમ્બલાંગી

**18.** તાજેતરમાં કોણ અમેરિકાના સિક્કા પર દેખાતી પ્રથમ અશ્વેત મહિલા બની હતી ? – માયા એન્જેલો

**19.** તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાસિકલ તમિલ’ કયા શહેરમાં આવેલું છે ? – ચેન્નાઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT